કરમશીભાઈ મકવાણા

# વનરાનું હું તો ભાઈયું ફૂલડું – ૨



'ઝાડનાં પારખાં ફળ પરથી' શ્રેણી : ૭

લોકભારતી પ્રકાશન – સણોસરા

ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી :

# વનરાનું હું તો ભાઈયું ફૂલડું – ૨

## કરમશીભાઈ મકવાણા

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦

તાલુકા : શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત, ભારત.

--------

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

--------

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

--------

ઇ-બુક આવૃત્તિ : ૨૦૧૬

## અનુક્રમ

ઉપહાર ........ 4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! ........ 5

પ્રમુખપદ અને સંઘર્ષો ........ 7

સાચનો વિજય અને ધારાસભામાં પ્રવેશ.... ........ 9

સાંસાગડથલ વચ્ચે કેટલાક અનુભવો ........ 14


અગિયાર વરસના સમયગાળાનું સરવૈયું ........ 17

કેટલુંક જે મારાથી ન થઈ શક્યું... ........ 20

અંદરનો અવાજ ........ 22

શ્રી કરમશીભાઈ મકવાણા ........ 24

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, “લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી.” ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ “ઝાડનાં પારખાં ફળ પરથી” એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને ‘કોડિયું’ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'*** ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા** ***શ્રી ચિરાગભાઈ પટેલ*****ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મેનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## પ્રમુખપદ અને સંઘર્ષો

૧૯૬૨માં આદરણીય શ્રી બળવંતભાઈ મહેતાના સ્વપ્નાસમું પંચાયતીરાજ અમલમાં આવ્યું. પંચ ત્યાં પરમેશ્વરની અભિજાત ભાવનાને ભૂંસીને સત્તા , સંપત્તિ અને સંઘર્ષને સર્વસ્વ માનનારા એ સ્થાન પ્રાપ્ત કરવા પડાપડી કરવા લાગ્યા . પડાપડીમાંથી સત્તાપ્રાપ્તિની સાઠમારી ચાલી. હું પણ એમાં મને-કમને સપડાયો . ઝાલાવાડના આગેવાન મુ. શ્રી રસિકભાઈ પરીખ અમને રાજકરણની દીક્ષા આપનારા હતા. તેમના આગ્રહથી અને આદરણીય વડીલોના સૂચનથી મેં લોકકલ્યાણની પવિત્ર ભાવનાથી સાયલા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકેની ઉમેદવારી કરી. જમીનદારી નાબૂદીની સફળ કામગીરીએ અમને લોકચાહના મળી હતી. ગ્રામ આગેવાનોના સહકારથી અમે વધુ મતે જીત્યા.

૧૯૬૩ના સાયલા તાલુકાના પ્રમુખપદે મને ગુજરાતભરમાં જાણીતો કર્યો. આવો પ્રસંગ ગુજરાતમાં જ નહીં ભારતમાં પ્રથમ હશે , જ્યાં એક પદ માટે બે વ્યક્તિ વચ્ચે મહિનાઓ નહીં - પાંચ પાંચ વરસ સુધી સંઘર્ષ ચાલ્યો હોય !

વાત આમ ચાલી. ૧૯૬૨ના પંચાયતીરાજના કાયદાની સમજ આપવા એક પરિસંવાદ ધજાળામાં યોજાયો. આ પરિસંવાદમાં જ કેટલાંક વિસંવાદી તત્ત્વો જન્મ્યાં અને વરસો સુધી જેણે અમને રાજકારણની અંધારી અટવીનો અનુભવ કરાવ્યો. ૧૯૬૩ની ચૂંટણીમાં હું પ્રમુખ તરીકે ચૂંટાયો, પણ મારા હરીફોના અંતરમાં કોઈ રીતે સમાધાન થતું નહોતું. તેઓએ મારા વિરુદ્ધ જેટલો ગંદવાડ ઓકવો હતો તેટલો ઓક્યો. "રાજ તો અમે કરી જાણીએ , કોળીથી તે ક્યાંય કારભારાં થતાં હશે !" ખરેખર આ કારભારું અમે ગાંઠ્યનું ગોપીચંદન ઘસીને કરતા હતા. કોઈકને આ મારી આત્મશ્લાઘા લાગશે , પણ મારે નમ્રતાપૂર્વક અને સંકોચ સાથે કહેવું જોઈએ કે આજ સુધી મેં ઋણબુદ્ધિ અને કર્તવ્યપ્રેરણાથી આવાં પદ કે પ્રતિષ્ઠાસ્થાને રહી કામો કર્યાં છે. આ કોઈ આપવડાઈ નથી પણ હકીકતની સાચી રજૂઆત છે . આ સચ્ચાઈ ને પ્રામાણિક વ્યવહારે મેં ધાર્યું નહોતું એવું ઘણું બધું આપ્યું છે. આ જીરવવા આંબલામાં અમને ભણાવ્યું હતું -

**કંગાલોને જ્ઞાનહીણાં કરું ના,**
**જાલિમોને પાય ઝૂકી પડું ના;**
**ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળે**
**ચાલું એવી શક્તિ આપો, પ્રભુજી !**

ભગવાને આજની ઘડી સુધી તો ઊંચે માથે ધરતી પર પગ માંડી ફરી શકું તેવી નરવી ચિત્તની સ્થિતિ રાખી છે. આવતી કાલની મને ખબર નથી.

મને લાગે છે કે , આ શીળી ભાવનાએ જ મને ફરી ફરી વિજય અપાવ્યો છે અને ઊંચા પદ-પ્રતિષ્ઠાથી નવાજ્યો છે. ૧૯૬૪ની રસાકસીભરી ચૂંટણીમાં હું ફરી વાર ચૂંટાઈ આવ્યો. મારા હરીફોએ થાય તેટલું બધું કર્યું. સરપંચોને બાન પકડવા , અપહરણ કરવાં , ચૂંટણી મથકને પગથિયેથી પરબારા ક્યાંક ઉઠાવી જવા કે ધાકધમકી આપી વિદાય કરી દેવા , લાંચ આપી મોજમઝાના તમાશામાં ડુબાડી પોતાના મતો વધારવા પ્રયત્નો કરવા વગેરે. પરંતુ અમારી

સાવચેતી, લોકોની સહાનુભૂતિ અને અન્યાય સામે છેવટ સુધી લડી લેવાની અમને મળેલી દીક્ષાએ અમારું સંગઠન પ્રમાણમાં અકબંધ રહ્યું અને હું ફરી ચૂંટાઈ આવ્યો.

અમારા વિરોધી જૂથને આ લોકમતનો ન્યાય મંજૂર નહોતો. છેવટે તેમણે કાર્યવાહીનોંધમાં અવળી રજૂઆત કરી રાતોરાત નવો કાનુની મુદ્દો ઊભો કરી તાલુકા પંચાયતનો કબજો છોડ્યો નહીં. સરકાર ને લોકો તો ડરને કારણે કશું જ પ્રગટરૂપે કરી શકે તેમ નહોતા. અંદરખાને અમને ટેકો આપી બળ પૂરતા. આવી કપરી પળોમાં કુટુંબ , પત્ની, બાળકો બધાંનો કકળાટ સુખની નીંદર પણ નહોતો લેવા દેતો. વારે વારે જાગી જઈ અમારી એ નાનકડી લોકશાળાના ચોકમાં બેસી ચાંદરડાંના આછા ઉજાસમાં હું મારા કામનું સરવૈયું તપાસતો. કુટુંબના વડીલો કહેતા , “કમશી , આ બધી માથાફૂટ મેલી ઘરની ખેડ સંભાળી મોજમઝા કર ને ! શા સારુ આ પારકી પંચાત ને લોહીઉકાળો ઘરમાં ઘાલે છે ? આપણા લોક તો ચીભડાંની ગાંસડી છે. એક હાકલે ક્યાંય ખોવાઈ જશે.” મને પણ વિચાર આવતો કે , મારી આસપાસની આ ડરપોક પ્રજાનો ભરોસો કેટલો ? અને કાવાદાવામાં કાબેલ એવાને હાથે અમને કંઈ થયું તો આ બધા ઘટાટોપનો બોજો કોણ ઉપાડી આગળ ચાલશે ? મૂકો ને માથાફૂટ ! આપણે આપણું ઘર સંભાળી બેસી રહો ને ! ચારે બાજુ આગ લાગી હોય ત્યાં કેટલે પહોંચવું ? ત્યાં દૂરના ઢાળિયામાં વિયાયેલી કૂતરીની ચીસ મારા કાને પડી. દોડીને ત્યાં પહોંચું તો જંગલી જરખ આવીને તેનાં બે ગલૂડિયાં ઉપાડી ભાગી ગયું. કૂતરી ને બીજાં કૂતરાં નીંભણી નદીના કાંઠા સુધી ભસતાં ભસતાં ગયાં પણ જરખની ઘુરકાટી સામે તેઓ ટકી શક્યાં નહીં. અમે પણ અંધારામાં તેને ખોળી શક્યા નહીં. રાતભર કૂતરીનો કકળાટ સંભળાયા કર્યો. સવારે જાગ્યો ત્યારે મહેશ , અપર્ણા , નામદેવ અને જયાનાં પડી ગયેલાં મોઢાં પર પોતાનાં માનીતાં કુરકુરિયાં ગયાનો શોક હતો.

ઢીલા પડેલા મનને મજબૂત કરી સદાય સાથે રહેતો કાળો થેલો ને ભાખરીનો ડબ્બો લઈ મેં સાયલા જવા પગપાળા દૂરના બસ સ્ટૅન્ડ તરફ મારી મૂક્યું. ચિત્ત આક્રંદ કરી ઊઠ્યું . શું “જાલિમોને પાય ઝૂકી પડું ના” પ્રાર્થના ખાલી રટણ કરવા જ તું બોલે છે ? નહીં, ગમે તે થાય પણ હવે આ હડહડતા અન્યાયનો સર્વસ્વના ભોગે સામનો કરવો. આ સેવા નથી, સ્વધર્મ છે.

અમારો આ ઝઘડો ગુજરાતભરમાં જાણીતો છે. મોટી મોટી વિગતો તો સૌ જાણે છે. ચિત્તના ઊંડાણમાં ઊઠતા સંઘર્ષનો સાથી તો એક અંતરાત્મા જ છે. અકથ્ય યાતના અને ભીષણ માનસિક દબાણ વચ્ચે એકધારાં પાંચ વરસ વીત્યાં. રાજકીય વૈમનસ્ય અને જૂથવાદી રાજકારણે અમને ઠીક ઠીક તાવ્યા. અમારો કજિયો તાલુકા સમિતિ, પ્રદેશ સમિતિ અને છેક આદરણીય મોરારજીભાઈ સુધી પહોંચ્યો છે. અને કાયદાની સરાણે લવાદ , સમાધાન, લિંકકોર્ટથી માંડી હાઈકોર્ટમાં ન્યાયાધીશોના તરાજુમે પણ તોળાયો છે. ખોટા નિર્ણયો સામે રીટ અરજીઓ, દીવાની દાવા લડી ઘર ખાલી કર્યું છે. ઈશ્વર પાસે આરજૂ કરી છે કે, “આવો હડહડતો અન્યાય તારાથી કેમ ખમાય છે ?”

## સાચનો વિજય અને ધારાસભામાં પ્રવેશ....

અમારી સચ્ચાઈ, સાદાઈ અને નિસ્વાર્થ પ્રવૃત્તિએ અમને જતે દિવસે સફળતા અપાવી. ફરી ૧૯૬૮માં જિલ્લા પંચાયતની ચૂંટણી થઈ , ત્યારે જિલ્લાભરમાં હું સૌથી વધુ મતો મેળવી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યો. સાચને આંચ નથી એ શ્રદ્ધા સાથે મેં મારું કામ શરૂ કર્યું.

પાંચ વર્ષ સુધી અકોણાઈભર્યા અન્યાય સામે ઝઝૂમી અમે બહારથી ઠીક ઠીક ખરપાયા હતા , પણ અંદરથી વિશેષ તાકાત મેળવી તાજા થયા હતા. આ બધો સમય મને મારા નાનાભાઈ સવશીભાઈનો સથવારો પડછાયા જેમ સાથે રહ્યો. એની વાણીની વેધકતા અને દીન-દુઃખી પ્રત્યેની દયામાયાએ અમને, નહીં સાંધો નહીં રેણ જેમ જોડી રાખ્યા. મારી કેટલીય ઊણપો ને અકોણાઈઓને તેણે ઉદારતાથી નભાવી મને ઊજળો કરી આગળ રાખ્યો છે. આજે પણ અમારી આ અકબંધ એકતા જ અમારું સાચું પોત જાળવી રહી છે.

લોકોએ મૂકેલા વિશ્વાસને ચરિતાર્થ કરવા અમે સારો પરિશ્રમ ઉઠાવ્યો. નપાણિયા ગામે પીવાના પાણીની સગવડ કરી આપી, શિક્ષણમાં તો અમને વિશેષ રસ હોવાથી તે અંગે પણ જરૂરી સવલતો ને સાધનો પૂરાં પાડ્યાં. ખેતી ગોપાલનમાં નવાં બિયારણો , જરૂરી દવાઓ , ઉપયોગી ખાતરો ને સમયસરનું માર્ગદર્શન પહોંચાડી નવી પદ્ધતિઓને અપનાવતા કર્યા. કૂવા, એન્જિન, પંપ, ખેતીનાં ઓજારોમાં અપાતી સરકારી સહાય ઊંડાણનાં ગામડાં અને કંગાળ ખેડુના ખેતર સુધી પહોંચે તે માટે કાળજી લીધી. તાલુકાના અનેકવિધ સવાલોને જિલ્લામાં રજૂ કરી શક્ય તેટલાનો ઉકેલ કરવા પ્રયત્ન કર્યો.

સરકારી સવલતો ને સહાય-સબસીડી તો આ પહેલાં પણ અપાતી હતી , પણ માતબર ખેડૂતો ને અકોણા આગેવાનોમાં જ એ બધી વહેંચાઈ જતી. ખરેખર જરૂરિયાતવાળા સુધી પહોંચાડવી એ પણ એક લોકકલ્યાણનું કામ હતું.

પંચાળનાં આ ઉજ્જડ ગામોમાં ગાંધીચીંધ્યા માર્ગે કંઈક રચનાત્મક કામ થાય તે હેતુથી સર્વોદય યોજનાને આ પ્રદેશમાં ખેંચી લાવ્યા. સંસ્કાર અને શિક્ષણના વિવિધ કાર્યક્રમોએ લોકજીવનમાં ઉજાસ જોવા મળ્યો. મારા બીજા બે ભાઈઓ પણ લોકભારતીમાં અભ્યાસ પૂરો કરી અમારી પ્રવૃત્તિમાં જોડાયા. સવશીભાઈએ સર્વોદય યોજનાની રચનાત્મક પ્રવૃત્તિઓ વિકસાવી અને ભાઈ વિનોદ અને લવજીએ લોકશાળામાં ચિત્ત પરોવ્યું . ધૂળ જેવા ધજાળામાં મુનિશ્રી સંતબાલજી , આ. ઢેબરભાઈ, બબલભાઈ જેવા અનેક મહાનુભાવોનાં પગલાં થયાં. સંતોષ વ્યક્ત થયો , પીઠ થાબડી અમારામાં નવી ચેતના સીંચી.

અમારા કામની સુવાસે 1972ની વિધાનસભાના ચોટીલા-સાયલા વિસ્તારના ઉમેદવાર તરીકે મારું નામ પસંદ કરાવ્યું. આદરણીય રસિકભાઈને મેં વિનંતી કરી જોઈ કે આ પદને પૂરો ન્યાય આપી શકાય તેટલાં અનુભવ ને આવડત બંને ઓછાં ગણાય. રસિકભાઈએ વાંસો થાબડી હિંમત આપી. અમારું કામ ગામ-ગોંદરે હોંકારો આપતું ઊભું હતું. વડીલોની શીળી છત્રછાયા નીચે

આ નવા ક્ષેત્રમાં ઝંપલાવ્યું. પક્ષો ને પ્રચારઝુંબેશનો ઘટાટોપ અમને નવું ભણતર ભણાવતો હતો . પછાત કોમનો ધારાસભ્ય થાય તો તો ઊલટી ગંગા વહે ! અનેક લોકોએ મોટરો દોડાવી , કાવા-દાવા, કિન્નાખોરી, દબામણી, ડરામણી અને જોરજુલમ સુધીના અનેક ઉપાયો અજમાવ્યા , છતાં લોકોએ મારી પસંદગી કરી. હરીફોના હાથ હેઠા પડ્યા.

ધારાસભ્ય બનવું મારી જિંદગીનો એક અકસ્માત હતો. ક્યાં જોરાવરનગરની શેરીઓમાં લારીઓ ખેચતો કે વઢવાણ સ્ટેશને હમાલી કરતો એક કોળીનો છોકરો અને ક્યાં ચોટીલા-સાયલા વિસ્તારનો માનનીય ધારાસભ્ય ! વિધિની આ વિચિત્રતા કહો તો વિચિત્રતા અને બલિહારી ગણો તો બલિહારી ! હવે હું ધજાળાનો કરમશી માસ્તર મટી, માનનીયશ્રી કરમશીભાઈ મકવાણા બન્યો !

અનેકોના ધન્યવાદ, અભિનંદન અને આશીર્વાદ ઝીલતો જ્યારે હું વિધાનગૃહનાં પગથિયાં ચડ્યો ત્યારે ચિત્તમાં એક પ્રકારનો સંક્ષોભ હતો , દિલમાં એક જ વલવલાટ હતો કે , “આ હું અધિકારહીન ચેષ્ટા તો નથી કરી રહ્યો ને !”

વિધાનસભાના વિશાળ સભાખંડનાં રુઆબ અને રોનક અનેરાં હતાં. અજવાસ ને આબોહવા બંનેમાં માદકતાની મ્હેંક હતી. અધ્યક્ષ ગૅલેરી બધાથી ઊંચી અને અલગ હતી. પ્રધાનોની બેઠકો આગળના ભાગમાં ગોઠવાઈ હતી. સચિવો ને સેવકો દોડાદોડી કરી રહ્યા હતા . પ્રજાના પ્રતિનિધિઓ આવતા જતા હતા . એમના ભાતીદાળ વસ્ત્રપરિધાને પ્રાદેશિકતાને છતી કરી. સૌ એકબીજા સાથે હસી હસી હાથ મિલાવતા અભિવાદન ઝીલતા મળતા હતા . મેં પણ સંકોચાતાં , શરમાતાં સૌ સાથે પરિચય કર્યો. મારા માટે આ એક કલ્પનાતીત અનુભવ હતો.

અનુભવસમૃદ્ધ એવા માધવલાલ શાહ સમક્ષ સૌએ સોગંદ લેવાના હતા . એક પછી એક ધારાસભ્યે વિધિવત્ સોગંદ લીધા . મારો વારો જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ મારી માનસિક સ્થિતિ વર્ણવી ન જાય તેવી થવા લાગી . છેવટે મેં થડકતે હૈયે અંદરની ગભરામણ બહાર પ્રગટ ન થઈ જાય તેની પૂરી સાવચેતી સાથે ધારાસભ્યપદના સોગંદ લીધા. મારા જીવનનો આ એક અવર્ણનીય રોમાંચ હતો. મેં ઈશ્વરસાક્ષીએ મને સોંપાયેલ જવાબદારીને વફાદારીપૂર્વક ન્યાય આપવાનો કૉલ આપ્યો. ચિત્તમાં વિચારોનું સંક્રમણ શરૂ થયું : “આ ગૃહમાં હું અનેક લોકોનો પ્રતિનિધિ બની આવ્યો છું. અહીં હું જે કંઈ બોલું, સાચું-જૂઠું તેના પર મારી સામે કોઈ કેસ માંડી શકે નહીં તેવી મને બાંહેધરી મળી છે. અહીં સત્યના સંશોધન માટે પૂરતું સ્વાતંત્ર્ય ને સગવડો આપવામાં આવી છે. અને સામાન્ય પ્રજા કરતાં કેટલાક વિશિષ્ટ અધિકારો મળ્યા છે. પ્રજાએ સરકાર દ્વારા મારા યોગક્ષેમની ચિંતા કરી જરૂરી વેતનભથ્થાની ગોઠવણ કરી છે . હવે તો મારે ફક્ત લોકોના પ્રશ્નોની યોગ્ય રજૂઆત કરી તેના ઉકેલ માટે મથવાનું છે . આ થશે તારાથી ?” મારો અંતરાત્મા વારે વારે આ જ પ્રશ્ન પૂછતો હતો.

દિવસો સુધી મને અનેક અટપટા સવાલો મૂંઝાવતા રહ્યા . રાત્રે કલાકો સુધી એના વિચારોમાં અકળાતો આળોટ્યા કરતો. ઘડીભર તો એમ થઈ જતું કે આ ઉપાધિ શા માટે વહોરી ? સવાર પડતાં જ નાનીમોટી મુસીબતો ને મૂંઝવણોનાં પોટલાં લઈ માણસો આવી પહોંચતાં. ધીરેથી

તેઓને સાંભળી, ગળે ઊતરે તેવો હીરેવીંટ્યો જવાબ આપી મારી નોંધપોથીમાં તેને ટપકાવી એના ઉકેલ માટેની કાર્યવાહી શરૂ કરતો. વરસોનાં વહાણાં વાયાં , અડવાણે પગે ધૂળિયા મારગે મળતા માયાળુ ગ્રામજનોનો હેતાળવો વ્યવહાર મનનો થાક ઉતારતો. હોંશથી વહોરેલી ઉપાધિ હળવી થતી ગઈ. ચૂંટણીઓ આવતી ગઈ , લોકચાહના મોટી બહુમતિથી મને ચૂંટતી રહી , ચોટીલા-સાયલાની ત્રણ ત્રણ ચૂંટણીઓમાં લોકોએ ન્યાયના ત્રાજવે તોળી હરીફોને હડસેલી દીધા. કોઈ જો તારણ કાઢે તો આજના શાસનકર્તાઓમાં વધારે સિનિયર હું હોઈશ. ઉંમરમાં મારાથી ઘણા મોટા હશે , પદ-પ્રતિષ્ઠામાં પણ મારા કરતાં વિશેષ આગળ હશે , પણ એક જ સ્થાનેથી ત્રણ ત્રણ વાર જબરી બહુમતીથી ચૂંટાનારા કેટલા ? બહુ ઓછા.

પહેલાં કરતાં આજની રાજકીય ચૂંથાચૂંથ વિશેષ વરવી બની છે. પક્ષપલટાના હડકવાના વાયરાએ મને ઠીક ઠીક હંફાવ્યો છે. એ વાતો તો આગળ ઉપર કહીશ. અહીં તો એટલું જ કહીશ કે જેમણે મારામાં વિશ્વાસ મૂક્યો તેઓને બેવફા કેમ થવાય ? તેઓનાં સોજ , શીલ અને મહેકતી માણસાઈએ મારા જીવતરમાં બળ પૂર્યું છે. કેટલાક તો કેટલા ખાનદાન અને ઊંચા ઘરાણાનાં. મારા જેવા તો તેની આગળ સાવ જ વામણા લાગે. મહાનતા એ બકાલાની જેમ હાટડે નથી મળતી , પણ અંદરના ઉજાસ અને ઊંચી સમજની નીપજ છે.

રૂપબાઈ મા ઊંચી ગણાતી ગામધણી કાઠી કોમમાં જન્મેલાં. વિધાતા સાથે વાંધો પડતાં વિધવા થયાં. અંતરના ઊંડાણમાં દુઃખને ભંડારી હસતે મોઢે જીવતરનો ભાર વહેવા લાગ્યાં. હાથ-પગ હલાવી હિંમતથી જિંદગીના દિવસો કાપવા લાગ્યાં . હૃદયના આંગણે કોઈ વારો-તારો ન મળે. મોઢેથી કોઈ દિવસ કવેણ ન નીકળે. ગામમાં સૌનો ટેલ-ટપોરો કરે , ડોસા-ડગરાના ખબર-અંતર પૂછે, સાજા-માંદાની સારવાર કરે , પ્રસૂતિમાં રૂપબાઈ માની હથરોટી જાણીતી. હરિજન-વાઘરીના ફૂબા સુધી માની સુવાસ ફેલાયેલી.

૧૯૭૧ના દુકાળમાં માણસોએ પંડ્યને પાલવવા ઠીક ઠીક મથામણ કરવી પડી. રૂપાબાઈ મા તો સાવ ઓથ વિનાનાં. ઉપર આભ ને નીચે ધરતી સિવાય એમનું કોઈ નહીં. રૂપબાઈ મા સૌની ચિંતા કરે પણ એની ચિંતા કરનારું કોઈ નહીં; છતાં ચપટી-ચાંગળું મળે તેનાથી ગદરી ખાય. કોઈકે મારા કાને વાત નાખી. મેં નિરાધાર માટેની સરકારી "કેશ ડૉલ્સ" રૂપબાઈ મા માટે મંજૂર કરાવી.

રૂપબાઈ માને આની જાણ થતાં તુરત જ એક દિવસ મારે ત્યાં આવી ચડ્યાં. કહે : "કરમશીભાઈ, તમે મારી ખબર લીધી ને મારા જેવી એકલદોકલની ઓથ બન્યા તે તો બહુ સારી વાત કહેવાય, અમને હરમત રે ! અમને થાય કે અમારી જેવા નોધારાનો કો 'ક આધાર છે ખરો ! પણ મારી એક અરજ છે."

મેં કહ્યું : "બોલો મા; શું કહેવું છે ?"

માએ મક્કમ અવાજે કહ્યું : "કમશીભાઈ , મારે આ ધરમાદો નો ખપે ! મેં જિંદગાની આખી પરસેવો પાડી પેટ ભર્યું છે. અણહક કે અન્યા 'નો એક પૈસોય હાથમાં ઝાલ્યો નથી. ભગવાને દાંત

આપ્યા છે ઈ ચાવણું આપી રહેશે , કીડીને કણ ને હાથીને મણ એ પહોંચાડનારા પરમેશ્વર પરનો વિશ્વાસ વંઠે એને આ બધાં અણજોતાના ઉધામા કરવા પડે ! બાકી, ભગવાને બે હાથ વચ્ચે આપેલું એક પેટ હાથ હલાવતાં રહીએ તો શું કામ ભૂખ્યું રે' ! કમશીભાઈ , હકથી હીંડે એને દીનદયાળ દઈ રે' છે."

રૂપબાઈ માના કરચલિયાળા મોં પર અંતરનાં રળિયાત રૂપની એક ઝલક જોઈ માથું નમી પડ્યું. ધરમાદો ન ખવાય એવી ધરખમ શ્રદ્ધાનાં અડગ પગલાં ભરતાં માએ વિદાય લીધી. હું એકીટશે જીવતી ખુમારીને જોઈ રહ્યો.

આવાં તો કંઈ-કેટલાં આ ઉજ્જડ ધરતીના ઉજાસ સમાં આ વિસ્તારમાં સીમ-શેઢે ને પહાડ-પગથારે અમને મળ્યાં છે. એમની સાથેના ક્ષણિક સહવાસે અક્ષય ભાથું બંધાવ્યું છે અને આજના ઝાકઝમાળ અને અવળા અભરખા વચ્ચે લપસી પડતા બચાવ્યા છે.

૧૯૭૨ની જ વાત કરું. ધારાસભ્ય તરીકેનો મારો પહેલો જ અનુભવ હતો. રાજસભાની ચૂંટણીમાં અમુક ચોક્કસ ઉમેદવારને મત આપવાનું કહેવા મારા પરમ મિત્ર અને ટેકેદાર મારી પાસે આવ્યા. મને કહે : "કરમશીભાઈ, આપણે એક કામ કરવું પડે તેમ છે."

મેં કહ્યું : "જરૂર, મારાથી થઈ શકે તેવું હશે તો જરૂર કરીશું ."

પેલા મિત્ર કહે : "જુઓ, તમારે ફલાણાભાઈને મત આપવાનો છે અને તેના બદલામાં તેઓ ૧૦ હજાર રૂપિયાની દરખાસ્ત લાવ્યા છે. મને ખ્યાલ છે કે તમે આનો સ્વીકાર ન કરો ; પણ, આપણા કામમાં આ ઉપયોગી થશે."

હું અંતરને ઢંઢોળતો ઊંડો ઊતરી ગયો. દિલ ને દિમાગને પૂછતો રહ્યો : "આ કેમ બને ? મારી જ કાંઈક ભૂલ હોવી જોઈએ. મારા વર્તનનો જ વાંક હોવો જોઈએ , નહીંતર મારી આગળ આવી દરખાસ્ત આવી જ કેમ શકે ? નક્કી ક્યાંક કચાસ છે !"

મને વિચારમાં ડૂબેલો જોઈ કહે : "તમારે જોઈએ ત્યારે એ પૈસા મળી શકે તેમ છે. આજ કહો તો આજ."

હૃદય આંચકો ખાઈ બેઠું થયું. આંબલાની કેળવણીનાં રક્તકણો બદલાઈ નહોતા ગયા ; પ્રામાણિક રોટલો રળી ખાવાની માન્યતા મરી નહોતી પરવારી. આથી જરા ઊંચા અવાજે રણકો કરતી વાણી નીકળી પડી, "જુઓ, તમે મારા મિત્ર છો, ટેકેદાર છો, મારે આવા કામમાં તમારો ટેકો નથી લેવો. મને કૉંગ્રેસે ટિકિટ આપી છે , ચૂંટણી લડવા પૈસા આપ્યા છે , અને મતદારોએ આપણા પર વિશ્વાસ રાખી મત આપ્યા છે. આ પછી આપણાથી મતદારોનો અને પક્ષનો દ્રોહ કેવી રીતે થઈ શકે ? તમારી લાલચ એટલી મોટી છે કે , મારા વડવાઓએ અને મેં કોઈ દિવસ આટલા પૈસા એકસાથે હાથમાં લીધા નથી. એટલે વાટકીનું શિરામણ કરી ગદરી ખાતું મારું મન એકસામટા બત્રીસ ભાતનાં ભોજન ભાળી ભરમાઈ જાય, તેથી વહેલી તકે તમે વિદાય થાઓ એ સારી વાત છે.

બનવું એ જોઈએ કે, કદાચ હું ભૂલ કરું તો તમારી આ ફરજ નથી ?" મારા અવાજમાં રહેલો રણકો એ પારખી શક્યા, અને હું મારું સ્વત્વ જાળવી શક્યો.

આવો જ બીજો પ્રસંગ પણ અહીં વર્ણવી દઉં. મુ. શ્રી ઘનશ્યામભાઈ ઓઝાની સરકાર તોડવાનો ભગીરથ કાર્યક્રમ ગુપ્ત રીતે ચાલી રહ્યો હતો. એક રાતે એક વેપારી અને અમારા પરિચિત પટેલ મારી પાસે આવ્યા. કહે : "તમે ને પુરુષોત્તમભાઈ મકવાણા જો અમારે પક્ષે આવો તો વીસ વીસ હજાર રૂપિયા બંનેને આપીએ."

આ ૧૯૭૫ની ચૂંટણી પછીનો સમય છે. હું ઠીક ઠીક ઘડાયો હતો. રાજકારણની ભલભલી આંટીઘૂંટીમાંથી પસાર થવાનું બન્યું હતું. પણ આ દરખાસ્ત વિશેષ ભીંસ અને સવિશેષ લાલચ લઈને આવી હતી. છતાં અમુે કંઈ મચક આપી નહીં. મારી થોડી હઠીલાઈ અને જેવું હોય તેવું કહી દેવાની કુટેવને સૌ જાણે , એટલે તે દિવસે તો તેઓ પાછા ગયા. બીજી રાતે ફરી આવ્યા. ૨૦ ને બદલે ૨૫ હજારની રજૂઆત કરી. મને એકાંતમાં લઈ જઈ કહે : "જુઓ આજની રાત જ છે , ફક્ત આપણે ત્રણ જણ છીએ. ચોથું કોઈ આ વાત જાણવાનું નથી. પૈસા હશે તો આવતી ચૂંટણી લડાશે. સાવ ચોખલિયા થવાની જરૂર નથી. લહતમહત બધું ચાલે !" વેપારી મિત્રે ખભે હાથ મૂકી એક આંખ મીંચકારી વ્યાપારી કુનેહ બતાવી.

હું ચિત્તમાં પડેલા ચિરાડાની સારવાર કરવા મૌન રહ્યો. કાનમાં પડઘા સંભળાતા હતા. કે , "સાવ ચોખલિયા થવાની જરૂર નથી , લહત-મહત બધું જ ચાલે. " છેવટે મેં મૂળીના મારા એક મિત્રને સાક્ષી રાખી કહ્યુ: "તમે મને કહ્યું કે, આપણા ત્રણ સિવાય ચોથું અહીં કોઈ નથી. પણ , ચોથો ઈશ્વર આપણી આ વાત જાણશે તેનું શું ? જુઓ, હું કોઈ લાંચિયો નથી , ભિખારી નથી, લાંચ લેવી હોત તો આજ સુધીમાં મહેલાતો ચણી હોત ! પણ હું તો છું પંડ્યના પરસેવાની રોટી રળનારો ખેડૂત. કણમાંથી મણ બનાવનારો કસબી. અમે અનેકને આપનારા છીએ. અમે લાંચિયા કે ભિખારી બનશું તે દી ધરતીનાં રસકસ ખૂટી જશે. તમે પચ્ચીસ હજાર શું એક લાખ આપો તો પણ મારે એ ગોમેટ છે. હવે કાંઈ કહેવું છે ?"

મિત્રો મૌન બની ગયા. રાજકારણના ઊકળતા ઉકળણનો દાહ ચિત્તને કેટલાય દિવસ સુધી દઝાડતો રહ્યો. શાંતિ મેળવવા રૂપબાઈ માની અડીખમ શ્રદ્ધાની આંગળી પકડી ગુરુજનોએ ભાથામાં બંધાવેલા રત્નકણી સમા દોહાનું પારાયણ શરૂ કર્યું.

**શીશ રાખે શીશ જાત હૈ, શીશ ખોવે શીશ હોય;**
**જૈસે બાતી દીપકી, કટી ઉજિયારી હોય.**
**સાઁઈ ઇતના દીજિયે, જામેં કુટુંબ સમાય;**
**મૈં ભી ભૂખા ના રહું, સાધુ ન ભૂખા જાય.**

## સાંસાગડથલ વચ્ચે કેટલાક અનુભવો

અમારી જિંદગીનું સાંસાગડથલ આજ સુધી આમ જ ચાલ્યું છે. ખૂંખાર પાંચાળના કાઠીઓ વચ્ચે મૂઠીમાં મોતને દાબી સવારથી નીકળીએ છીએ. ઘરનાં સૌ ટેવાઈ ગયાં છે, "આ કોઈનું માનશે નહીં"ના વલોપાત કરતાં દિવસો પસાર કરે છે. વરસોથી ઊંચા શ્વાસે જીવનનો રથ ચાલે છે, હવે તો કોઠે પડતું જાય છે. આ પ્રદેશની એક તાસીર છે. વેરને ભૂલી જવા દઈ પછી જ તેની વસૂલાત થાય છે. એટલે સચિંત મને આજે તો અમે જીવન વિતાવીએ છીએ.

છતાં કેટલાક અકોણાઈ વાવીને જ લણતર કરવાવાળાને અમે આંખના કણાની જેમ ખૂંચીએ એ સ્વાભાવિક છે. તેવાઓના ફંદા-ફાંસલા સતત ચાલુ રહેતા હોય છે. ઘરમાં ભરાઈ રહેવાથી આ સૌથી છેવાડેનાને આપણે પામ્યા છીએ એમાંથી એક પાવળું પણ પહોંચાડી નહીં શકાય. પછી મીનપિયાસી કહે છે :

**પરમેશ્વર તો પહેલું પૂછશે, કોઈનું સુખદુઃખ પૂછ્યું'તું ?**
**દર્દભરી દુનિયામાં જઈને કોઈનું આંસુ લૂછ્યું'તું ?**
**ગેં ગેં, ફેં ફેં કરતા કહેશો, હેં હેં હેં હેં શું શું શું ? !**

આમ અણીના વખતે ચિત્રગુપ્તના ચોપડાનું સરવૈયું સાંભળી ગેં ગેં ફેં ફેં ન થવાય એની પૂર્વતૈયારી પણ કાયમ નજર સામે રાખી છે. તે માટે રામને રખોપું સોંપી હું ફરતો રહું છું. આજ સુધી તો ભગવાને ભેર કરી છે. હજી તો અનેક મળ્યા છે , ડરામણી તો રોજ બારણાં ખખડાવતી ઊભી જ હોય છે. છતાં મને તો આજ સુધી રામનું રખવાળું મળ્યું છે.

મારા ૨૫ વરસના આ લોકસંપર્કમાં અનેકવિધ કામો થયાં છે. કેટલાંક તો આજેય આંખ સામેથી ખસતાં નથી.

૧૯૭૫ના દુષ્કાળના એ દિવસો હતા. સમગ્ર સૌરાષ્ટ્રમાં હાહાકાર વર્ત્યો હતો. ગામેગામથી પશુઓનાં ટોળાં ગુજરાતના હરિયાળા મલકમાં જવા રવાના થયાં હતાં.

એવામાં ખબર આવ્યા કે સુરત જિલ્લામાં બહારની ગાયોને દાખલ થવાની મનાઈ છે. અનેક ગાયો પાછી ફરી રહી છે. ગુજરાતમાં ખેડા, સુરત અને વલસાડ જિલ્લા લીલોતરીથી સમૃદ્ધ છે. ઇશ્વરે ખોબે ને ધોબે આ મલકને આપ્યું છે. માણસ પોતે પેદા કરે તે પર પોતાનો અધિકાર રાખે તે તો થોડુંકેય સમજી શકાય; પણ કુદરતે ફાંટે ફાંટે ફંગોળ્યું હોય ત્યાં તો પ્રભુનાં જણ્યાં સૌનો સરખો હક્ક-હિસ્સો હોવો જોઈએ ને ! ગામેગામ નિસાસા નાખતાં ગાયોનાં ટોળાં જોઈ હરકોઈની આંતરડી કકળી ઊઠે. રબારી ભરવાડ જેવી કઠણ કોમ પણ હરેરી ગઈ. ચોટીલા , સાયલા, સુદામડા, સૂરજદેવળ બધાનાં પાદરે આકરો વલવલાટ હડીઓ કાઢતો જોવા મળ્યો. ગામેગામનાં માજને શક્તિ મુજબ સેવા કરી. આ તો આભ ફાટ્યું હતું. થીંગડું કઈ રીતે દેવું ?

સાથી-મિત્રોને દોડાવી, તાબડતોબ સરવાળો મંડાયો. ૩૦ હજાર ગાયોનો આ સવાલ છે. અસૂર-સવાર દોડાદોડી કરી, અમદાવાદ-ગાંધીનગર એક કર્યાં. છેવટે સુરતની સીમ છૂટી કરાવી.

હડૂડાટ કરતાં હજારો ગાયોનાં ધણ એ કારમા દુકાળમાં સુરત-વલસાડના ઘાસ-પાણીવાળા પ્રદેશમાં સાંકડે-મોકડે સમાઈ ગયાં. 30 હજાર ગાયોનું ગોધન બચ્યું. અનેક ભરવાડ-રબારીની જીવાદોરી ચાલુ રહી.

સેજકપરની એક સામાન્ય પેટિયું રળતી રંડવાળ કોળી બાઈ , ઉછીઉધારા કરી જણ્યાંને જિવાડે. ચાંગળું જમીન પર જેમતેમ ગાડું ગબડાવે. ભલું એનું ઘર અને ભલું એનું ખેતર. ટાબરાંને તેડી, રોટલા-છાશ સાથે લઈ ખેતરે આવી થાય તેવાં કામ કર્યાં કરે. આડોશીપાડોશી જરૂર પડ્યે બળદનાં કામ કરી આપે. બાકી વાલોજી વરસે ને પાકે તે ખાય. પારકાનો પડછાયોય ઓળંગે નહીં , તનમનનાં તળિયાં તપાસી ભીતરના ભોરિંગને ભોંમાં ભંડારી તલ-મગ જેવડાંને મોટાં કરવા જગત સામે જુદ્ધ કરે. ગામના ઊતરેલા હાંડલા જેવા બે-પાંચ જણે ભેગા મળી આ અબળાની જમીન આંચકી લેવાનો પેંતરો કર્યો. બાઈને ડારા-દબામણી દેવાં શરૂ કર્યાં , ચોરી-રંજાડની બીક બતાવી. એકલે પંડે બાઈ માણસ કરે પણ શું ? જે કોઈ સાંભળે તેવા હતા તેમને વાત કરી, પણ સિંહનો કાન ઝાલે કોણ ? વાત વધતી ચાલી. ઊજળી તોય રાત તો ખરી ને ! આયખાની ઓથ સમાં ખેતર-પાદર જશે તો આ બધાંનો ઉગારો કેમ કરીશ ? છેવટે કોઈને જાણ કર્યા વિના , જણ્યાં પાડોશીને ભળાવી રાતને અંધારે ધજાળા આવી. ખોબે આંસુડે વીતક વર્ણવ્યાં. મારાં પત્ની તો અકળાઈ ઊઠ્યાં. હું મેલાંઘેલાં કપડા ઓથે બેઠેલી શીલસંચિતા સન્નારીને નમન કરતો ઊભો થયો. મેં મારાં પત્નીને કહ્યું : “બહેનની પથારી તમારી પાસે જ કરજો ને જમાડજો.”

સવારે તેઓ સાથે તેમના ગામે ગયો. લાગતાવળગતાને મળી , સમજાવી ઘટતી કાર્યવાહી કરી એમની જમીનને આંચ ન આવે તેવી ગોઠવણ કરી.

આપણી સમાજ રચનાને જડમૂડમાંથી હચમચાવી મૂકતો એક પ્રસંગ કહું ... ...ભાઈ અમારા પંથકનો ફરફરડો જુવાન. થોડું ભણ્યો પણ અકલકડિયો માણસ. શરૂઆતમાં અમારા સંપર્કમાં આવ્યો ત્યારે અમને આંજી દીધા. દોડી દોડી સમાજનાં કામોમાં સાથ આપે. અવનવા પ્રશ્નોની અમારી ચર્ચાઓ સાંભળે. નવરો આદમી. ગામ-પરગામની હવાનો હેવાયો થયો. ધીરેધીરે દુનિયાના રંગરાગમાં ખેંચાતો ચાલ્યો. અમારી સાથેની ઊઠ-બેસ બંધ થઈ . અમને ઓવાળે ચડાવી દીધા. વરણાગી વેશ-કેશ વધ્યાં, ધજાળા-ધાંધલપુર છોટી સાયલા-સુદામડાનાં હવાપાણી ગમવા લાગ્યાં. વખત જતાં સુરેન્દ્રનગર-વઢવાણ સુધી એના વાવડ મળતાં થયા. ઘેર ગાડી-વાડી ને લાડીની ત્રિવેણી વહે, પણ એને આઘાં હડસેલી શહેરમાં ફિલમ-ફિતૂર પાછળ પૈસો વાવરે. એમાં અબળખાની આગે માટીને અવળે માર્ગ દોર્યો. મૈત્રીકરારનાં નવાં તૂતની ઓથે કંઈ-કેટલા ઉઘાડેછોગ અનાચાર આચરતા હતા. ભાઈ મારો, એમાં અટવાણો. કોઈક શેરીની એંઠ જેવી ઉકરડી સાથે મૈત્રીની મડાગાંઠ બાંધી અને કાયદાની મહોર મારી એને જડબેસલાક કરી. બસ , ઘર ઘરને ઠેકાણે , બાયડી-છોકરાં ઘાટ જોતાં રહ્યાં ને ભાઈએ દુનિયા આખીની આંખમાં ધૂળ નાખી ચોડેધાડે જગત જુએ તેમ ઘરસંસાર શરૂ કર્યો.

આ બાજુ ઊંચા ખાનદાન કુટુંબની ભાઈસાહેબની પરણેતરથી સહ્યું ન ગયું ! ગજવેલમાંથી જેનાં શીલ-સૌજન્ય સરજાયાં હોય , તેવાઓથી આ જોયું જતું નથી. ઘરવાળીએ વહેલા ઊઠી કૂવે પડી પોતાની જાતનું બલિદાન આપ્યું. – ભાઈએ જગત આગળ મગરનાં આંસુ વહાવી કુટુંબની આબરૂ વધારવા, ખાતર પર દીવો કરી બીજી પત્નીને વાજતે-ગાજતે ઘેર આણી. પૂરા દોરદમામ ને દંભ સાથે. થોડા દિવસ તો ચાલ્યું, પણ અકરાંતિયાને એક જ વાતનું રટણ હોય !

ભાઈ મારો, ફરી મૈત્રી કરારના દોર પર નટ બની નાચવા લાગ્યો. આણાંત ઘરવાળીના કાને વાત પહોંચી ન પહોંચી ને બાઈ તો ધૂણી ઊઠી. રોમાવલી ફરકવા લાગી , ટંકણખારની તેજાબીએ શીળા શીલને છંછેડી મૂક્યું. એક રાતે બીજી પત્નીએ પણ કૂવો પૂર્યો. ગામમાં હાહાકાર મચી ગયો ! બબ્બે ટીડડા જેવી ઘરવાળીઓએ આહુતિ આપવા છતાં માટીડાનું મન એઠાં હાંડલાં ચાટતું ન મટ્યું.

મારું મન અકળાઈ ઊઠ્યું. અનેક વાર આ અંગે મનેકમને એને આ બધા અવળા ધંધા છોડી દેવા સમજાવેલો. પણ એ 'ભેંશ આગળ ભાગવત ' જેવું થયું ! છેવટે નક્કી કર્યું કે , આ અંગે હવે કોઈક ધારાકીય બંધન લાવવું જોઈએ. આવો નરાધમ પાપાચાર કેમ ચાલવા દેવાય ! મૈત્રીકરાર ઓથે નભતી બેવફાઈ પણ બેબાકળી બની ઊઠે તેવું આ તરકટ છે. આ બધું આધુનિકતા કે મુક્ત જીવનના સોહામણા સિદ્ધાંતોના નામે ચાલે છે. સમાજજીવનની નરવાઈને આથી લૂણો લાગશે . આ મુક્ત જીવનનો સ્વૈરવિહાર આવતી કાલની એંધાણી તો નહીં હોય ને !

ચિત્તભ્રમ થઈ જાય તેવો આ સવાલ છે. સનાતન મૂલ્યો પણ આઉટ ઑફ ડેઈટ બની જતાં હશે ? કદાચ મારી ભૂલ થતી હશે, મારી સમજ અધૂરી કે એકાંગી નહીં હોય ને ? લાવ ને રાજ્યના ધુરાવાહકોને જ ઢંઢોળી જોઉં ! મેં ધારાસભામાં આ સમસ્યાની ચર્ચા ઉપાડી. આ અંગે સમયસર પગલાં લેવાવાં જોઈએ નહીંતર સમાજજીવનની સુરક્ષા માટેની દીવાલો જ ભૂંસાઇ જવાની ભીતિ છે.

સૌના અનુકૂળ વલણથી મૈત્રી-કરારને અટકાવતો કાયદો આજે અમલમાં આવ્યો છે.

## અગિયાર વરસના સમયગાળાનું સરવૈયું

આ સાથે મારે મારા અગિયાર વરસના સમયગાળાનું સરવૈયું પણ રજૂ કરવું જોઈએ.

ધારાસભ્ય તરીકેના એક સારા કામની યાદ હંમેશાં રહી છે. ૧૯૭૨-૭૩માં અનેક પછાત લોકો માટે બક્ષીપંચની રચના કરાવવામાં અને પંચ સમક્ષ પછાત લોકોની ભલામણોનો સરકાર પાસે સ્વીકાર કરવવામાં મેં સામાન્ય લોકોની વકીલાત કરેલી. આથી અનેક લોકોને આગળ વધવાની અનુકૂળતા મળી છે.

આવું જ બીજું સંભારણું આપણા અનેક ખેડૂતો સરકારના કરોડો રૂપિયાના દેવાદાર હતા. દેવાના વળતર પેટે તેમની માલમિલકતની હરરાજી કરવામાં આવતી. આ માટે મેં અવાજ ઉઠાવી , આંકડાઓ મેળવી, અભ્યાસ કરી તેની યોગ્ય રજૂઆત કરી. પરિણામે ખેડૂતોના ધિરાણના વાજબી દરો નક્કી થયા અને લાંબા ગાળાના સરળ હપ્તા કરી આપવામાં આવ્યા.

૧૯૭૨-૭૩-૭૪ના ઉપરાઉપરી પડેલા આકરા દુકાળમાં અમારા પ્રદેશના ખેડૂતો , મજૂરો ને માલધારીઓને બચાવી લેવા સખત પરિશ્રમ કર્યો. કામનું યોગ્ય આયોજન કરી રોજી-રોટી રળતા કર્યા.

બક્ષીપંચ જેવી જ કામગીરી ભૂમિપંચની રચના કરાવવામાં આવી. જમીનની ટોચમર્યાદા , ખાનગી વીડીઓ અને જૂની આનાવારી પદ્ધતિમાં ફેરફાર કરાવવા ઠીકઠીક પરિશ્રમ કર્યો.

સર્વોદય યોજના જેવી સમાજના સૌથી છેલ્લા આદમી સાથે સમાજ અને સરકારના સહયોગનો તાંતણો જોડતી યોજના ચાલુ રાખવા છેવટ સુધી મેં પ્રયત્નો કરેલા. હા, એની નાણાકીય નિગરાણી માટે સુયોગ્ય તંત્ર રચાવું જોઈએ.

આજે ગામેગામ સામાન્ય ઊભડિયા પણ પોતાનું ઘર બાંધી આનંદથી રહેતા થયા. એવાં મફતનગર કે મફતિયાપરાના નિર્માણમાં પણ શરૂઆતથી રસ લીધો છે. આ ૧૦૦ સો વારના પ્લૉટો આપવાની મુદત વધારવાની કામગીરી યાદ રાખી ફરી ફરી કરી છે.

માધ્યમિક શિક્ષણના રાષ્ટ્રીયકરણનો વિરોધ , પક્ષમાં તેમ જ ધારાસભામાં આજ સુધી હું કરતો રહ્યો છું. મુક્ત હવાના શિક્ષણનો મને જાત-અનુભવ હોવાથી. શિક્ષણને મુક્ત રાખવાની વાત પણ મેં યોગ્ય વખતે મૂક્યા કરી છે. કેળવણીને ચોકઠામાં પૂરવાથી મનુષ્ય વામણો થશે , માનવીને મુક્તિનો રસ્તો ચીંધે તેવી કેળવણી મુક્ત રીતે જ વિકસવી જોઈએ.

મોટા પ્રશ્નો સાથે નાના માણસોના સવાલો પણ નજરમાંથી નથી છૂટ્યા. એક દિવસ સુખભાદરનાં નીતર્યાં નીરમાં હાથ-પગ ધોઈ થાક ઉતારતો હતો ત્યાં વેકરામાં વાડા કરતા બેપાંચ વાઘરી દોડતા આવ્યા. ફાળિયું ઉતારી પગે લાગી હાથ જોડી ઊભા રહ્યા. સીમચોરીના કસબીને આમ અચાનક આવેલા જોઈ હું વિચારમાં પડ્યો.

“કમશીકાકા, આજ તો અમારા ફૂબે પગલાં કરો ,” એક પરિચિત વાઘરીએ વાતની શરૂઆત કરી.

“કેમ અલ્યા રૂપલા ! આજ કાંઈ સકંજામાં સલવાયા લાગો છો ! કોઈ પગેરૂં ફૂબા સુધી આવ્યું નથી ને ?”

રૂપલો કહે.’ “ના, કમશીકાકા ના. એવું કહોજુ વેણ તમે કાં બોલો ! પણ બાપલા એમાં તમારો કાંઈ વાંક નથી, અમારી મથરાવટી જ મેલી એટલે તમ જેવાને લાગે કે , કાં’ક કાળો કામો કર્યો હશે !”

“તો પછી છે શું ?” મેં ઉતાવળ હોવાથી ટૂંકમાં પતાવ્યું.

“બીજું કાંઈ નંઈ કમશીકાકા, અમે વરહોવરહ આ નંદીયુંના વેકરાને વરખોળી ખાઈ છીં. તી સરકાર ઈમ નો કરી આલે કે જાવ બે-પાંચ વરહ તમે તમ તમારે ટેટી-ચીભડાં પક્વી ખાવ. આ તો વરહે વરહે અરજીયું કરી કરી , કૈંકની દાઢમાં હાથ ઘાલી પાંચ-પચાહની ફૂતર્યાને જલેબી ખવરાવીએ તંઈ અમારો ઘાટ ઘડાય છે,” કમલાએ કોઠાની વાત કહી દીધી.

“અને કમશીકાકા, કડપ પર કાંકરો મેલી રાતદી’ એક કરી મતીરાં પકવીએ , બરાબર તી ટાણે ટીડડાં પડે ઈમ ભલભલા ઊતરી પડી વેલેવેલો ફંફોસી ખાય છે. એની રંજાડ્યનું પણ કાં ’ક કરજો કાકા !” જુવાન રઘાએ મનની દાઝ છતી કરી.

“જુઓ, આજ તો મારે ઉતાવળ છે , પણ તમારી વાત સાચી છે . નદીના વેકરામાં તમે મથામણ કરી ચીભડાં, શાકભાજી પકવો ને બરાબર પાકે તે વખતે ખાટસવાદિયા આવી હેરાન કરે એ તો સૌને કઠે. પણ જુઓ, એ માટે થોડી ડાકર રાખવી, બાકી ખાવચીજ છે તે આવે તે ખાઈ જાય. સમદર પેટ રાખવું. દેનારો જે દે છે તેને જ આપે છે . કોકડું વળી જાય તેને ત્યાં તો ક્યારેક શિરામણનાય વાંધા પડે છે, સમજ્યો ? બીજું, તારી વાત અંગે હું મારાથી થાય તેટલું કરીશ.”

મને ખબર નથી કે એ વખતે એના મનનું કેટલું સમાધાન થયું હશે . એ પછી મેં પ્રયત્ન કરીને પાંચ વરસ સુધી ફરી અરજી ન કરવી પડે તેવી જોગવાઈ કરાવી દીધી.

હમણાં હમણાં જંગલમાં વસતાં ભૂંડનું આક્રમણ ગામની શેરીઓ સુધી પહોંચ્યું છે. ભૂંડની વસ્તી શેરીઓમાં વધવા માંડી છે. ખેતર-પાદરમાં પણ ભેલાણ કરે છે. આ અંગે પણ ત્રણ જણાની એક કમિટીની રચના કરાવી ભૂંડનું નિયંત્રણ થાય તેવો પ્રયાસ શરૂ કર્યો છે.

મારે મન સૌથી ચિંતાનો પ્રશ્ન છે હડતાળનો. છાશવારે મજૂરોની હડતાળો પડે છે. શિક્ષકો ધરણાં કરે છે, એસ. ટી. કર્મચારીઓ ચક્કાજામના અકળાવનારા કાર્યક્રમો યોજે છે. અરે, રક્ષણ અને સલામતીની ચિંતા સેવનારું પોલીસતંત્ર પણ અરાજકતાને ઉત્તેજન મળે તેવાં પગલાં ભરે છે. સફાઈ કામદારો તો ઓછા વેતન ને આરોગ્યને હાનિ કરે તેવાં કામો માટે વધુ વેતનની આશા રાખે તે તો સમજાય પણ બેંન્ક કર્મચારીઓ , ડૉક્ટરો, તાર-ટપાલવાળા કામ બંધ કરે તો જીવનવ્યવહાર કેવી

રીતે ચાલે ? આપણા દેશમાં વેપારીઓ, ઉચ્ચ અમલદારો બધા હડતાળો પાડે કે ધીમે કામ કરોની નીતિ અપનાવે તો હજી ચાલે છે , પરંતુ ખેડૂતો જો હડતાળ પાડે તો શું થાય ? આપણા દેશના કિસાનો સંગઠિત બની એમ કહે કે આ સાલ અમારે ખેતરમાં કંઈ નથી વાવવું. અમારા જોગું અમે પકવીશું કે સંઘરી લેશું, તો જુઓ મજા ! પણ હજુ ગામડાના આ ભલાભોળાને ઓઢાડેલી કબીરની ચાદર તાર તાર નથી થઈ ગઈ. મુલ્લાની મિનારા પરથી પાક પરવરદિગારની યાદ આવતાં બાંગ બહેરા કાનો પર અથડાઈ પાછી ફરે છે. મોરારિબાપુની રામાયણ કથા અને ડોંગરેજીની ભાગવત કથા કર્ણપ્રિય જરૂર લાગે છે, પણ હૃદયને ઢંઢોળી શકતી નથી. આજે સૌથી મોટો પ્રશ્ન માણસ પોતે જ બનતો જાય છે.

આવા સમયે મને લાગ્યું કે ઓછામાં ઓછું આ હડતાળો અને તેય આવશ્યક સેવાઓમાં કામ કરતા લોકોની હડતાળો પર પ્રતિબંધ મૂકવો જોઈએ. કુટુંબમાં પણ કોઈકે તો ઘસાવું પડે છે , છોડવું પડે છે. સમાજ માટે પણ કંઈક આવું કરવું પડે તેવું નથી લાગતું ? એની ફરિયાદો માટે ફરજિયાત લવાદી પ્રથા મજબૂત કરવી જ જોઈએ. અને તેવા લવાદોનો ચુકાદો બંને પક્ષે માન્ય રહેવો જોઈએ. મેં આથી જ ધારાસભામાં આંખે થવા જેવી પણ મારા મનને અકળાવતી વાત મૂકી. મારા અવાજને સૌ સમક્ષ મૂક્યો કે આ હડતાળો પર પ્રતિબંધ મૂકો. આનું પરિણામ શું આવશે તેની મને ખબર નથી. પણ મેં તો મારી ફરજ બજાવી.

આ સિવાય રસ્તાઓ, વાહનવ્યવહારની સુવિધાઓ, તળાવો, નાનીમોટી સિંચાઈ યોજનાઓ, દવાખાનાંઓ વગેરે તો સૌની જેમ મેં પણ કરાવ્યાં છે.

થોડી આંકડામાં હકીકતો રજૂ કરું તો મેં હજારેક દિવસ અમારા વિસ્તારના પ્રવાસમાં આપ્યા છે. મેં આજ સુધીમાં ૨૧૪૬૩ જેટલા પત્રો લોકોને લખ્યા છે. ૧૯૭૫થી ૮૦ સુધીમાં ૪૮૦ જેટલા પ્રશ્નોની ચર્ચા ધારાસભામાં કરી છે.

## કેટલુંક જે ન થઈ શક્યું...

આ તો થઈ મેં કરેલ કેટલાંક કામોની વાત ; પરંતુ મારા આ સમયગાળામાં કેટલુંક જે મેં નથી કર્યું તે પણ નમ્રતાપૂર્વક નિવેદિત કરવું જોઈએ. આને કોઈક આત્મસ્તુતિ પણ કહેશે . કોઈક વળી ખોટો દંભ ગણશે. પણ આ જ મારા જીવનની શ્રેષ્ઠ મૂડી છે , જે મને ગ્રામદક્ષિણામૂર્તિએ ગાંઠે બંધાવી હતી. હું એમાં કેટલો ઉમેરો કરી શક્યો કે ખોઈ બેઠો તે તો સમાજ જ નક્કી કરી કહે.

સૌથી પહેલી વાત મારે એ કરવી છે કે અમે બે-ત્રણ સંસ્થાઓ ઊભી કરી , મકાનો બાંધ્યાં, સાધનો વસાવ્યાં, જમીનો ખરીદી વગેરે કર્યું. પણ આજ સુધી એના માટે કોઈની પાસે હાથ લાંબો કર્યો નથી. ફંડફાળા કે ઉઘરાણું કર્યું નથી. હા , અમે જરૂર પડી ત્યાં પરસેવો રેડ્યો છે. ગ્રામજનોના પરિશ્રમનો ટેકો લીધો છે. વિદ્યાર્થીઓએ સાથ સહકાર આપ્યો છે ; પણ ભીખ માગી નથી. અમે તો પ્રાર્થના કરીએ છીએ કે , "હે પ્રભુ ! અમારે કોઈ પાસે હાથ લંબાવવો પડે નહિ એટલાં બળબુદ્ધિ આપજે. અમે કોઈકને દેતા રહીએ તેવું ડહાપણ અને દયા અમારામાં પ્રગટાવજે !" અમે કરકસરથી જીવ્યાં છીએ અને જીવશું. શક્ય તેટલી સરકારની સહાયની યોજનાનો ઉપયોગ કરશું પણ કરજ કરી કે ભીખ માગી સંસ્થા નહિ ચલાવીએ.

અમે ખેડૂતોનાં અનેક કામો કર્યાં છે. કાળી રાતે ઊઠી ઉકેલ્યાં છે. પણ કોઈ દિવસ તેમના કામ માટે કોઈની પાસેથી કાણી કોડી અમે લીધી નથી. અમારા અંગત ઉપયોગ માટે કોઈ ફંડ ઉઘરાવ્યું નથી. ઊલટા એમના માટે બૌદ્ધિક શ્રમ, કાગળો ને ટપાલ ટિકિટો પણ ઘરનાં ખર્ચ્યાં છે.

૧૯૭૨ની પહેલી ચૂંટણીમાં મને ચોટીલા-સાયલાના ખેડૂતોએ પાંચથી સાત હજાર રૂપિયાનો ચૂંટણીફાળો કરી આપ્યો હતો. એ સિવાય આજ સુધી કોઈ પણ પૈસા કે લવાજમ ઉઘરાવ્યાં નથી. આજકાલ તો રાજકીય કે સામાજિક મંડળો રચી કે સમારંભો યોજી ભાતભાતનાં ફંડફાળા ને ઉઘરાણાં થતાં હોય છે. કરોડો રૂપિયા આ રીતે એકઠા થતા હોય છે અને ધીરે ધીરે હજમ પણ થતા હોય છે. હમણાં આવાં કેટલાંક ફંડોની રામકહાણી બહાર પડી છે. ભગવાન એનાથી અમને બચાવે.

એક જલદી ગળે ન ઊતરે તેવી વાત મારે કહેવી છે. મેં આજ સુધી કોઈને લાંચ આપી નથી કે કોઈ પાસેથી અપાવી નથી. મને એ કળણમાં ખેંચવાના બબ્બે પ્રયત્નો થયેલા પણ પ્રભુનું પડખું મળી જતાં બચી ગયેલો. તે વાત મેં આગળ જણાવી છે.

કટોકટીકાળમાં અનેક ધારાસભ્યોએ ઘર સાજાં કર્યાની વાતો સંભળાય છે. કેટલાકે તો ઈશ્વરે આપેલી તક સમજી મિસાનો કોરડો વીંઝી કેટલાકને જેલ ભેગા કરેલા ને ફરી એને છોડાવવાના દરની વસૂલાત પાકતાં છોડાવેલા તેમ જાણ્યું છે . આ ઉપરાંત ઉચ્ચ અમલદારોની બદલીઓમાં , જમીન અને ધંધાની ભાગીદારીઓમાં ઠીક ઠીક વળતર મેળવી આવતી ચૂંટણીના ખર્ચની જોગવાઈ કરી લીધેલી તેવું લોકમુખે બોલાય છે. મેં મારી જાતને આમાંથી બચાવી છે. પ્રલોભનો એટલાં લલચાવનારાં છે કે મારો પ્રયત્ન અને વડીલોના પુણ્ય પ્રતાપે જ એમાંથી ઉગારો થયો છે.

મને કાળજામાં ખટકતી વસ્તુ છે પક્ષપલટો. આજ સુધી પક્ષ સાથે વિચારભેદ , સમજભેદ, અમલની બાબતમાં વાંધા પડ્યા છે. જરૂરત લાગી છે ત્યારે કડવા બનીને અવિવેક લાગે તે રીતે પણ મેં મારો અભિપ્રાય પક્ષના આગેવાનો આગળ મૂક્યો છે. પણ પછી પક્ષના આદેશને શિરે ચડાવી કામ કરતો રહ્યો છું. કેટલીક અકળામણ થાય તેવી બાબતો વખતે તો વડિલો અને મુરબ્બીઓની જબ્બર સમજાવટ, દબાણ છતાં અડગ રહી પક્ષપલટાની કાળી ટીલી મેં ચોડી નથી. પક્ષપરિવર્તન આજે તો કેટલાકને મન આર્થિક સદ્ધરતાનો કાર્યક્રમ રહ્યો છે , જ્યારે મેં એને સિદ્ધાંત સમજી અણનમ રહી એકલ પંડ્યે લડત આપી છે.

સામાન્ય રીતે સરકાર ધારાસભ્યને મફત સરવાર , કિંમતી દવાઓ અને ખાનગી દવાનાં બીલ ચૂકવે છે. પણ મેં આજ સુધી એનો લાભ લીધો નથી. ભગવાનને મારી પ્રાર્થના છે કે અમને એવી બીમારીથી હંમેશાં બચાવે.

આજનું રાજકારણ સેવાનું રહ્યું નથી. તે તો મહાત્મા ગાંધી , નેહરૂ, સરદાર કે શાસ્ત્રી સાથે ચાલ્યું ગયું. આજે તો સત્તા, સંપત્તિ અને સંતતિની સ્થિરતા માટે સૌ મથી રહ્યા છે. પ્રજાકલ્યાણની કે સમાજસેવાની ભાવનાનું તો છડેચોક લીલામ થઈ રહ્યું છે. આજે રામાયણ-ભાગવતની પારાયણો નહિ, પણ મહાભારતનું કથાકીર્તન થવું જોઈએ. કારણ કુરુક્ષેત્રનો નરસંહાર સત્તા , સંપત્તિ અને સંતતિના કારણે જ થયો હતો. કૃષ્ણ જેવા પણ તેમાંથી કોઈને ઉગારી શક્યા નહોતા.

આવા કપરા સંજોગોમાં મેં આપેલ વચનનું પાલન કર્યું છે. રાજકારણના નજીવા કે વિશેષ લાભ માટે મેં કોઈ ખોટું પગલું લીધું નથી. ઈશ્વરને યાદ કરી કહું તો રાજકારણમાં કોઈ દિવસ હું ખોટું બોલ્યો નથી. આજે ચાલતાં જૂઠ , પ્રપંચ અને અનૈતિક કૂડ-કપટનો કોઈ દિવસ મેં આશરો લીધો નથી. મારા અંગત કામધંધાને ગૌણ ગણી ગરીબ પ્રજાના કામને પહેલી અગ્રતા આપી છે. મારા કુટુંબ સાથે મારો હંમેશનો ઝગડો રહ્યો છે. મારાં પત્ની તો કહે છે કે , "હવે ઘણાં વર્ષ ઢસરડા ઢસડ્યા. હવે ઘર તરફ નહીં તો અમારા તરફ તો જુઓ ! આમ ને આમ આ એકના એક ઘરમાં જિંદગી કાઢી, નથી આમાં રસોડાની સગવડ , નથી કોઈ બાથરૂમ-સંડાસની સુવિધા , કોઈ મહેમાન આવે તો સૂવા-બેસવા જેટલી પણ આડશ નથી. એનું તો કાંઈક વિચારો !"

## અંદરનો અવાજ

મનમાં વિચાર આવે છે કે , આ બધી સુવિધાઓ આવતાં આપણે લોકોથી જુદા તો નહીં પડીએ ને ? બદલાઈ તો નહીં જઈએ ને ? બીજું, મને સરકાર જે વેતનભથ્થું આપે છે તે પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે મથવા આપે છે. જો હું મારા ધંધા-ધાપા ને આજીવિકાના ઉધામામાં રહું તો આ બધું કોણ કરે ? લોકોએ તો મને શા માટે વિશ્વાસપૂર્વક ચૂંટ્યો છે. હવે મારે શું વિશ્વાસઘાતી બનવું ? આ સમજણથી જ આજ સુધી મેં અને સવશીભાઈએ કોઈ દિવસ અમારી આર્થિક સલામતી અંગે વિચાર કર્યો નથી. આપણે આપણું કામ કરો. 'યોગક્ષેમં વહામ્યહમ્'નો કૉલ આપનારો શું નહીં જોતો હોય ? અમને તો આવું ભણતર અમારા ગુરુજનોએ ભણાવ્યું છે. નાનપણથી કોરી પાટી પર પડેલો આ એકડો નજર સામે રાખી અમારું ગાડું ગબડાવ્યે જઈએ છીએ.

હા, અમે લોકોની મુસીબતોને વાચા આપી છે. જ્યાં જ્યાં ખોટું થતું જોયું છે , ત્યાં વિરોધ નોંધાવ્યો છે. સત્ય હકીકતો રજૂ કરી છે , પણ પક્ષ છોડ્યો નથી. આ કારણે સૌથી સિનિયર ધારાસભ્યોની હરોળમાં આગળ હોવા છતાં કોઈ પદ-પ્રતિષ્ઠા મને મળ્યાં નથી. લોકોની વાજબી વાતો રજૂ કરતાં અળખામણા થઈને ઘણું સહન કર્યું છે. પક્ષપલટો કરનારા આજે સત્તાસ્થાને બેસી રાજ કરે છે.

**ઊધો કરમનકી ગતિ ન્યારી !**
**મૂરખ મૂરખ રાજા કિન્હે**
**પંડિત ફિરત ભિખારી !**

આ છે આજની બલિહારી ! સુરદાસે સેંકડો વરસો પૂર્વે કાઢેલું સમાજવિશ્લેષણનું સરવૈયું આજે પણ નયા પૈસાના ફેરફાર વિનાનું જોવા મળે છે. સૌ કહે છે આપણે વિકાસ કર્યો છે , પ્રગતિ કરી છે. પણ શેની ? ધજાગરો બદલવાથી કે ત્રાજવાં-તોલાં નવાં છાપવાથી સમાજ બદલાતો નથી, નાણું બદલવાથી કે માપિયાંમાં ફેરફાર કરવાથી ઉન્નતિ સધાતી નથી. અરે ! વાઘાની વરણાગી વધારવાથી પણ માનવી બદલાતો નથી. માનવીને બદલવા તો તેનાં મન-મગજને બદલવાં પડશે. એનાં સમજ-સંસ્કારનું નવ-સંસ્કરણ કરવું પડશે . નવો જમાનો , નવો માનવી માગે છે. આપણે સ્વરાજનાં ૩૫ વરસ પછી પણ નવો માનવી નથી સર્જી શક્યા. એ કામ કર્યા વિના મકાનોનાં ઇંટ, પથ્થર કે ઉદ્યોગોનાં ઊંચાં ઉત્પાદનો કશો જ ફેર કરી શકવાનાં નથી , ઊલટાના વધુ ગૂંચવાશું તો નહિ ને ?

મારી સામે તો અમારા એ વેરાન પ્રદેશના વગાડે રવડી-રખડી ગુજારો કરતા અનેકના કરમાયેલા ચહેરા ને આંખની ઉદાસી જ તરવરે છે. આને આપણે ક્યારે ઉડાડી શકીશું ? સેજકપરની રાંડીરાડ કોળણ અને રૂપબાઈ માનું ખમીર એ વગડા વચ્ચે જ પ્રગટ્યું છે. જીવતરની સાદાઈ ને સંતોષની નિરાંતમાંથી સાંપડ્યું છે. એવું આપણે ફરી ક્યારે સર્જીશું ? કે પછી આજના જગત જેમ ત્રિશંકુની સ્થિતિમાં જ લટકશું ?

અમારા ગુરુજનોએ આદરેલી લોકોપાસનાનો તંતુ અમને લોકો સાથે હૃદયથી જોડી રાખે એ જ મનવાંછના છે. ધજાળાના ચોરેથી શરૂ કરેલી આ જીવનયાત્રા આ ટીંબે પૂરી થાય તેવી મનોકામના છે. અમારો આ અર્ઘ્ય સાચી દિશાનો બની રહે તેવી અમારી પ્રાર્થના છે.

બાકી તો વનવગડે ઊજરેલા અમે સૂકી ધરતીમાં ગુલાબનું વાવેતર કરવા મથીએ છીએ. મૂઠી એક સુગંધી એ મલકમાં વેરી જઈએ તોય કૃતાર્થ થઈશું.

અલવિદા !

-----------

- **સમાજ તથા જીવનદૃષ્ટિ**

દરેક કેળવણી યોજના પાછળ લેનારને સંપન્ન કરવા ખાતર એક જીવંત સમાજદૃષ્ટિ હોય છે. તેને ટૂંકમાં આ મૂકી શકાય :

(૧) માનવીના સંતુલિત સમ્યક્ વિકાસ માટે એનો રોજબરોજનો સમાજ બહુ મોટો ન હોય , તેમ જ તેમાં માનવ જીવનની મૂળભૂત જરૂરિયાતો માટે આવશ્યક પ્રવૃત્તિઓ કરનાર વિવિધ શક્તિ ને રુચિવાળાં માણસો હોય. જીવનને એકાંગી બની જવા ન દેવું હોય તો સમાજના ઘટકે આ શરતો પૂરી પાડવી જોઈએ. આ શરતો ખેતીપ્રધાન ગામડું જ પૂરું પાડે તેમ છે. અલબત્ત આજે જે ગામડાં છે તેમાં વૈજ્ઞાનિક મનોવૃત્તિ અને સહકાર દૃષ્ટિ ઉમેરવાની પૂરી જરૂર છે.

(૨) આ વિચાર પાછળની બીજી માન્યતા શ્રમ વિષેની છે. પ્રકૃત્તિએ આપેલ આંખ-કાન ન વાપરીને માણસ પોતાના તેમજ સમાજના સમ્યક્ વિકાસને ધક્કો પહોંચાડે છે. તે જ વાત હાથપગના ઉપયોગને પણ લાગુ પડે છે. ઉત્પાદક શ્રમ એ સ્વસ્થ વ્યક્તિ તથા સ્વસ્થ સમાજ બંને માટે ઘણી જરૂરી વસ્તુ છે ; ને તેમાંથી જ સહેજે ફલિત થતી વસ્તુ અન્યના આવા શ્રમની ચોરી ન કરવાની છે. આ બંન્ને નિયમોનો ભંગ થયા કરે ત્યાં સુધી સમાજ શારીરિક કે માનસિક આરોગ્ય પ્રાપ્ત કરી શકે નહીં.

આમાંથી ફલિત થતી આનુષંગિક વસ્તુ છે જીવનની ભોગપ્રધાન વૃત્તિ તરફ અરુચિ. સમ્યક્ જીવનમાં કે સમાજમાં આ દૃષ્ટિએ "ભોગ" પ્રધાનસ્થાને હોઈ શકે નહીં.

- **મનુભાઈ પંચોળી**

## શ્રી કરમશીભાઈ મકવાણા

શ્રી. કરમશીભાઈ કાનજીભાઈ મકવાણાનો જન્મ તા. ૭-૧૦-૧૯૨૮ના સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના અડાળા ગામમાં બહુ સામાન્ય સ્થિતિના ખેડૂત કુટુંબમાં થયો હતો. વારંવારના દુષ્કાળોને કારણે કુટુંબને ખેતી છોડી જોરાવરનગરમાં મજૂરી કરવા આવવું પડેલું. નાની ઉંમરના કરમશીભાઈ ને પણ પેટિયું પૂરવા કાળી મજૂરી કરવી પડી હતી. પણ સદ્દભાગ્યે એક રચનાત્મક કાર્યકરની હૂંફથી આંબલા ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળામાં જોડાવાનું બન્યું. ચાર વરસ લોકશાળામાં ભણી 'વિનીત' થઈ ગુજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયમાં ભણ્યા. પણ ત્યાંયે ગરીબી એમનો પીછો કરતી રહી અને સ્નાતક અભ્યાસ પૂરો ન થયો.

પોતાના વડવાઓએ લૂંટેલ ગામ ધજાળા ( તા. સાયલા )ને બેઠું કરવા ત્યાં કામ શરૂ કર્યું. ગ્રામસેવક, સંસ્કાર કેન્દ્રના શિક્ષક , ગ્રામવિદ્યાલય લોકશાળાના સંચાલક , લોકલ બોર્ડ તથા જિલ્લા શાળા બોર્ડના સભ્ય, પ્રમુખ-તાલુકા, પંચાયત, સાયલા, ગુજરાત વિધાનસભામાં ચોટીલા વિસ્તારના ધારાસભ્ય, ગુજરાત કૃષિસેલના કન્વીનર , બક્ષીપંચ પછાતવર્ગ સમિતિના અધ્યક્ષ , ગુજરાત વિધાનસભાની ખાતરી સમિતિ , અંદાજ સમિતિ તથા કામકાજ સલાહકાર સમિતિના સભ્ય તરીકે કામ બજાવતા રહ્યા છે. છેલ્લાં પંદર વર્ષથી ચોટીલા વિસ્તારના વિધાનસભાના સભ્ય તરીકે ચૂટાંઈ આવતા રહ્યા છે.

ખેતી, વૃક્ષ ઉછેર , સાહિત્ય વાચન , પ્રવાસ અને વ્યાપક લોકકેળવણી એ એમના શોખના વિષયો છે. ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નો ઉકેલવા , વિધાયક રચનાત્મક રાજકારણ દ્વારા લોકકલ્યાણનાં કામો કરવાં એ એમની વિશેષ પ્રવૃત્તિ છે.

શ્રી. શાંતાબહેન સાથે એમનું લગ્ન થયું છે , તેમને ચાર બાળકો છે – બે દીકરા અને બે દીકરીઓ.